(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903]. Civ.A 27g.

**ફો.કેસ નં. :– ૫૭૧/૨૦૨૪**

**આંક:–૪૦**

**(FILE-C)**

ફરીયાદી તરફની સાહેદી નં. ( **P.W. No.** ) ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

| | | | |
|---|---|---|---|
| મારુ નામ :– | રવિરાજભાઈ | પિતા/પતિનું નામ:– | પ્રેમજીભાઈ પરમાર |
| | | ઉ.વ.:– | ૨૯ |
| ધંધો:– | છુટક મજુરી | સરનામુ:– | બસ સ્ટેશન પાછળ, કૃષી શાળા રોડ, હળવદ, જી.મોરબી. |

સોગંદ આપ્યા...

**ફરીયાદ પક્ષે સરતપાસ વિ. વ. શ્રી એમ.એમ.વાઘેલા.**

(૧) આજરોજ હું નામ.કોર્ટના સાહેદ સમન્સના આધારે કોર્ટ રૂબરૂ જુબાની આપવા માટે હાજર રહેલ છુ. પ્રકાશ મગનભાઈ પરમારે જયેન્દભાઈ ડોડીયાને તા.૦૨/૦૧/૨૦૨૪ના રોજ હાથ ઉછીના નોટરી એન.સી.ગઢીયાની ઓફિસ જુની મામલતદાર કચેરી સામે ત્રણ લાખ પાંસઠ હજાર રૂપીયા આપેલા, તે પૈસાનુ નોટરી એન.સી.ગઢીયા પાસે લખાણ કરાવેલુ. તે સમયે હું, પ્રકાશભાઈ પરમાર તથા જયેન્દભાઈ તથા તેમનો એક સાક્ષી હાજર હતો અને પૈસાની ત્રણ મહીનાની મુદત આપેલી અને તેના બદલામા ચેક આપેલા તે એચડીએફસી બેન્કના ચાર ચેકો જેમા ૦૦૦૦૦૯ નંબરનો એક ચેક હતો અને ચારેય ચાર ચેકમા આગળ પાછળ જયેન્દભાઈએ સહી કરેલી અને લખાણની મુદત ચુકી ગયા, પૈસા આવેલ નથી અને તે આપેલા ચેકમાનો એક ચેક પરત ફરેલો અને તેની ફરીયાદ પ્રકાશ મગનભાઈ પરમારે કરેલી.

**આરોપી તરફે ઉલટ તપાસ વિ.વ.શ્રી એન.યુ.સોલંકી**

એડી.ચીફ જયુડી.મેજી.
હળવદ.

(૧) મે બીએસસી સુધીનો અભ્યાસ કરેલો છે. ચેક નં.૦૦૦૦૦૯, ૦૦૦૦૧૧, ૦૦૦૦૧૨, ૦૦૦૦૦૮ અથવા ૦૦૦૦૦૭ હતો. ચેક અંગેનુ લખાણ બસ સ્ટેન્ડ પાસે આવેલ એક દુકાનમા કરાવેલુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે લખાણ સમયે હું હાજર ન હતો પરંતુ પૈસા આપ્યા અને તેના બદલામા ચેક આપ્યા તે સમયે હું હાજર હતો. આ ખાતા નંબરમા ઝીરો ઝીરો આવે છે બાકીના નંબર મને યાદ નથી. મે મારુ આધાર કાર્ડ આપેલુ. મે આધાર કાર્ડ આપેલુ તેમા સહી કરેલી. ચાર ચેક આપેલા તેમા ચાર ભાગ પાડી રકમ લખવાની હતી.

સવાલ:– સદર ફરીયાદ અંગેનો ચેક કેટલી રકમનો ભરીને નાંખેલો?

જવાબ:– તેમા હું સાથે ન હતો.

સવાલ:– ઉપરોકત જણાવેલ ચાર ચેકમાથી કયા ચેકમા જુબાની આપવા આવેલ છો?

જવાબ:– હું લખાણમા સાક્ષીમા હતો પછી શું થયુ તે મને ખબર નથી.

બીજા સાક્ષી તરીકે જયેન્દ્રભાઈની સાથે એક બીજા ભાઈ કીશન નામના હતા. એ વાત ખરી છે કે કીશનભાઈ પણ બસ સ્ટેન્ડ પાછળ રહે છે. એ વાત ખરી છે કે હું અને કીશનભાઈ બસ સ્ટેન્ડ પાછળ રહેતા હોવાથી અને એક જ્ઞાતીના હોવાથી ઓળખીએ છીએ. કીશનભાઈએ ચેક આપેલો નહી.

(૨) પ્રકાશભાઈ શકિતનગર બાજુ કંપની વર્ષ–દોઢ વર્ષ પહેલા બંધ થઈ ગઈ તેમા કાયમી જેવા ડ્રાઈવર તરીકે કામ કરતા હતા. પ્રકાશભાઈ પોતાની ગાડી લઈને ડ્રાઈવીંગ કરતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પોતાની ગાડીમા લઈ જવા–લાવવાનુ કામ કરતા હતા. મને યાદ નથી કે રોજમદાર તરીકે કામ કરતા હતા કે પગાર ઉપર કામ કરતા હતા. મે એન.સી.ગઢીયાના રજીસ્ટરમા સહી કરેલી. મને યાદ નથી કે ઘણો સમય થઈ ગયો હોવાથી કીશનભાઈએ રજીસ્ટરમા સહી કરેલી કે નહી. કીશનભાઈએ તેમનુ આધાર કાર્ડ આપેલુ હતુ.

આ તબકકે વધુ ઉલટ તપાસ માટે મુદત અરજી આવતા વધુ ઉલટ તપાસ મુલતવી.

**સ્થળ :– હળવદ.**

**તા.૧૭/૦૪/૨૦૨૬.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

(નિમિષા ગંગારામભાઇ સુરતી)

એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, હળવદ.

એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, હળવદ.